

સ્ત્રીનું જીવન ત્યારે જ પૂર્ણ માનવામાં આવે છે જ્યારે તે માતા બને છે કારણ કે માતૃત્વનો આનંદ અને અહેસાસ તમામ સંબંધોથી અલગ હોય છે. સ્ત્રી માતા બનતા તેને પોતાનો પડછાયો તેના બાળકના રૂપમાં મળે છે. જ્યારે સ્ત્રીને પહેલી વાર ખબર પડે છે કે તેના પેટમાં એક જીવ પાંગરી રહ્યો છે ત્યારે તે એટલી ખુશ થઈ જાય છે જાણે ખુલ્લા આકાશમાં ઊડી રહી હોય. હોંશે હોંશે તે પરિવારમાં આ ખુશીના સમાચાર આપે છે ત્યારે ઘરનાં લોકો નવા મહેમાનના આવવાની રાહ જોવા લાગે છે તો પહેલી વાર 'મા' બનવા જઈ રહેલી સ્ત્રી પોતે કઈ રીતે બાળક પર પ્રેમ વરસાવશે, તેનું બાળક જ્યારે પહેલી વાર મમ્મા બોલશે ત્યારે તે કેવું ફીલ કરશે તેના સપનામાં ખોવાઈ જતી હોય છે. જ્યારે બાળકનો જન્મ થાય અને 'મા'ની પહેલી નજર બાળક પર પડે ત્યારે તેનું મમત્વ ઉછાળા મારવા લાગે છે. તેને એવું લાગે છે કે મેં દુનિયાભરની ખુશી મારા બાળકના સ્વરૂપમાં મેળવી લીધી છે. તે માતૃત્વની પ્રાપ્તિ બાદ પૂર્ણ સ્ત્રી બની હોવાનો અહેસાસ કરે છે. ચાલો આપણે સુરતની કેટલીક સન્નારીઓને મળીએ અને જાણીએ કે તેમણે જ્યારે પહેલા બાળકને જન્મ આપ્યો અને પહેલી વાર તેમની બાળક પર નજર પડી ત્યારે તેઓ કેવી કેવી લાગણીઓમાંથી પસાર થયા. અત્યારે તેમનેબાળકને લઈને કેવી ફીલિંગ થાય છે.

# પહેલી જ નજરે બંધાય છે એક અતૂટ બંધન





## જ્યારે મારા દીકરાનો જન્મ થયો ત્યારે મને લાઈફની બેસ્ટ ગિફ્ટ મળી હોવાનું ફીલ થયું હતું: ફ્રેની લીલાવાળા

સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 29 વર્ષીય ફ્રેની લીલાવાળા SMCમાં જોબ કરે છે. તેમણે જણાવ્યું કે, ''મારા પસંદગીના મેરેજ છે. અમે 6 વર્ષ પ્રેમમાં રહ્યા બાદ મેરેજ કર્યા હતા એટલે બાળક માટે ડીલે નહીં કર્યું. મારા દીકરાના જન્મ સમયે કોવિડનો સમય હતો. વળી, પ્રેગ્નન્સી દરમિયાન કોવિડને લગતી કામગીરી મને સોંપવામાં આવી હતી. જે મેં નિષ્ઠાપૂર્વક નિભાવી પણ હતી. મને પ્રેગ્નન્સી દરમિયાન એવું ફીલ થતું હતું કે મને બેબી બોય થશે. મેં પ્રેગ્નન્સીના 6 મહિના બાદ સીમંતમાં પણ મારા ઈન લૉઝને કહ્યું હતું કે મને દીકરો આવશે. જ્યારે મારું બેબી જન્મ્યું ત્યારે મને લાઈફની બેસ્ટ ગિફ્ટ મળી હોવાનું ફીલ થયું હતું. મારું મમત્વ જાગી ગયું હતું. **મારા દીકરાને હાથમાં લેતા જ હું તેના તરફ ખેંચાતી ગઈ. મને લાગ્યું કે અરે હવે હું પણ 'મા' બની ગઈ છું મને એવું લાગ્યું કે મારો દીકરો હમણાં જ મને મમ્મા કહેવા લાગશે. હું તેના પરથી નજર હટાવું જ નહીં બસ તેની પર મમતાનો વરસાદ વરસાવતી રહું.** મેં મારા દીકરાને ફર્સ્ટ ગિફ્ટ તરીકે સિલ્વરનાં કડાં આપ્યાં હતાં તો મારા નંણદે ગોલ્ડનું પેન્ડન્ટ ગિફ્ટમાં આપ્યું હતું. અમારા ફેમિલીમાં આ ફર્સ્ટ જ બાળક છે એટલે તે ઘરનો લાડકવાયો છે. મારી જોબને કારણે કોઈ વખત હું તેને પૂરતો સમય ના આપી શકું તો તે એક સમજદાર બાળકની જેમ સ્થિતિને સમજી જાય છે. તે દિવસ દરમિયાન મારાં સાસુસસરા સાથે વધારે રહે અને તેઓ તેની પર ખૂબ વહાલ વરસાવે છે.''

## 4 જૂને મારો દીકરો એક વર્ષનો થઈ ગયો, હું એક વર્ષથી માતૃત્વનેખૂબ એન્જોય કરી રહી છું: શિવાની જોશી



મોટા વરાછા વિસ્તારમાં રહેતાં 28 વર્ષીય શિવાનીબેન હોમમેકર છે. તેમણે જણાવ્યું કે, ''હું પહેલાં IT ક્ષેત્રમાં જોબ કરતી હતી. મારો દીકરો 4 જૂને એક વર્ષનો થઈ ગયો. હું મારા દીકરામાં એટલી ખોવાયેલી રહી કે મને ખ્યાલ જ નહીં આવ્યો કે તે એક વર્ષનો થઈ ગયો છે. મારા મેરેજ 22 વર્ષે થઈ ગયા હતા. લગ્નના ત્રણ વર્ષ અમે હસબન્ડ વાઈફે હરવાફરવામાં, એન્જોય કરવામાં વિતાવ્યાં. બાદમાં બાળક માટે પ્લાનિંગ કરવા લાગ્યાં. જો કે મને P.C.O.D.નો પ્રોબ્લમ થતાં અમારે બાળક માટે થોડી રાહ જોવી પડી હતી. જ્યારે મારા દીકરાનો જન્મ થયો અને હોસ્પિટલમાં મારા હાથમાં મારા કાકીએ મારો દીકરો મૂક્યો ત્યારે હું આખી દુનિયાને ભૂલી ગઈ. હું એટલી ખુશ થઈ હતી કે મારી આંખોમાંથી ખુશીનાં આંસુ નીકળી પડ્યાં હતાં. હું મારી ખુશીને શબ્દોમાં વ્યક્ત નહોતી કરી શકી. હું અત્યારે માતૃત્વને ખૂબ એન્જોય કરી રહી છું. અત્યારે મારી દુનિયા મારો દીકરો છે. મારી નજર જ્યારે જ્યારે તેની પર પડે છે ત્યારે મને એવું જ લાગે છે કે હું તેની પર વ્હાલ વરસાવતી જ રહું. મારા દીકરાના જન્મ સાથે હું સંપૂર્ણ સ્ત્રી બની ગઈ હોવાનો અહેસાસ કરી રહી છું. અમારી એક દુકાન વેચવાની હતી પણ તેનો સોદો નહોતો થતો. જે દિવસે દીકરાનો જન્મ થયો તે જ સાંજે દુકાનનો સોદો પાક્કો થયો. એ રીતે અમારા બાળકે અમને જન્મતાંની સાથે જ ગિફ્ટ આપી હોવાની ફીલિંગ થઈ હતી.''

## જ્યારે મેં ફર્સ્ટ ટાઈમ મારા બાળકને જોયું ત્યારે એવું લાગ્યું હતું કે હું દુનિયા જીતી ગઈ છું: જિગીષા મોદી



જહાંગીરાબાદ વિસ્તારમાં રહેતાં 30 વર્ષીય જિગીષાબેન પ્રોફેશનલ મેકઅપ આર્ટિસ્ટ છે. તેમણે જણાવ્યું કે, ''લગ્નનાં બે વર્ષ બાદ મને 'મા'બનવાનું સૈભાગ્ય મળ્યું હતું. જ્યારે મારા દીકરાનો જન્મ થયો અને મારું બાળક મારા હાથમાં આપવામાં આવ્યું ત્યારે તેની તરફ નજર પડતા જ મારા હૃદયમાં મમતાની લાગણીઓ ઉછાળા મારવા લાગી. મારો અંશ મારી નજર સામે જોઈ મારી આંખોમાંથી હર્ષનાં આંસુ છલકાવા લાગ્યા હું શબ્દોમાં વ્યક્ત નહીં કરી શકું તેટલી ખુશી મને મળી હતી. મને ત્યારે લાગ્યું કે મેં આખી દુનિયા જીતી લીધી છે. મને બધી જ ખુશી મળી ગઈ. હવે મને લાઈફમાં કાંઈ પણ નહીં મળે તો પણ ચાલશે. હોસ્પિટલમાં તેનો જન્મ થતાં જ તેના મામા તેના માટે કપડાં અને ઝૂનઝૂના રમકડાં લઈ આવ્યા હતા. મેં જ્યારે તેને હાથમાં લીધો ત્યારે તે એકદમ સ્મુધ લાગતો હતો. મને બીક પણ લાગતી હતી કે આટલા કોમળ, નમણા બાળકને હું કઈ રીતે સંભાળીશ? તેના જન્મ બાદ મારા હસબન્ડના પહેલા શબ્દો હતા આપણો દીકરો ખૂબ જ ફાઈન દેખાય છે અને તેમણે મને કહ્યું બિલકુલ તારા જેવો જ દેખાય છે. જ્યારે તે બોલતા શીખવા લાગ્યો ત્યારે એણે મને મમ્મા કહ્યું ત્યારે મને અનહદ ખુશી થઈ હતી અને મને લાગ્યું હતું કે મારું માતૃત્વ સ્ટાર્ટ થઈ ગયું છે. મારું જીવન મારું બાળક છે. જ્યારે જ્યારે મારી નજર તેની પર પડે છે તેની પર બસ વહાલ વરસાવતી રહું તેવું થયા કરે છે.''

## બાળકના જન્મ વખતે મારી પોઝિશન ક્રિટિકલ હતી, તેનો જન્મ થતાં મેં ગણપતિ બાપ્પાને ઢીંગલો ચઢાવ્યો હતો: પૂજા જરીવાળા



બમરોલી રોડ વિસ્તારમાં રહેતાં 32 વર્ષીય પૂજાબેન બ્યૂટીપાર્લરનું સંચાલન કરે છે. તેમણે જણાવ્યું કે, ''મારો મોટો દીકરો 10 વર્ષનો છે જ્યારે નાની દીકરી 5 વર્ષની છે. જ્યારે મારા દીકરાનો જન્મ થવાનો હતો ત્યારે તે પેટમાં સુકાવા લાગ્યો હતો કારણ કે મારા પેટનું પાણી નીકળી ગયું હતું એટલે તરત મારું સિઝેરિયન થયું હતું. **તેનો જન્મ થતા જ હું ખૂબ જ ભાવવિભોર થઈ ગઈ હતી. મને લાગ્યું હતું કે હું લાગણીઓનો વરસાદ વરસાવી દઉં.** જો કે તેનું વજન ઓછું હોવાથી તેને કાચની પેટીમાં રાખવામાં આવ્યો હતો. **મેં જ્યારે ફર્સ્ટ વાર મારા બાળકનો ફેસ જોયો ત્યારે મને એહસાસ થવા લાગ્યો કે હું મારા કાળજાના ટુકડા એવા મારા દીકરા સાથે અતૂટ બંધનમાં બંધાઈ ગઈ છું.** મને બહુ ફાઈન ફિલિંગ થઈ હતી. બાળકના જન્મ બાદ મેં ગણપતિ બાપ્પાને ઢીંગલો ચઢાવી મારી ખુશી વ્યક્ત કરી હતી. મારું પહેલું બાળક થતાં જ હું ઢીંગલો ચઢાવીશ તેવી માનતા માની હતી જે પૂરી કરી હતી. મને બીજા બાળક તરીકે દીકરી જોઈતી હતી અને મને બીજું બાળક બેબી ગર્લ થતાં મારી બધી ઈચ્છા પૂરી થઈ હોવાનો આનંદ થયો હતો. અત્યારે પણ મારી લાગણી મારાં બંને બાળકો માટે એક સમાન છે. બંને મારા કાળજાના ટુકડા છે.''




## ફર્સ્ટ બાળકનો જન્મ થતાં 'મા' બનવાની ખુશી ખૂબ હતી પણ દીકરીના હોઠ પર કટ જોઈ વ્યથિત થઈ હતી: દિપાલી પંચાલ



ઉધના વિસ્તારમાં રહેતાં 31 વર્ષીય દિપાલીબેન સ્કૂલમાં ટીચર છે. તેમણે જણાવ્યું કે, ''મારી બે દીકરીઓ છે મોટી દીકરી 7 વર્ષની અને નાની અઢી વર્ષની છે. જ્યારે મારી ફર્સ્ટ બેબીનો જન્મ થયો ત્યારે મા બનવાની અનહદ ખુશી હતી મારી દીકરી પર પહેલી જ નજર પડતા મને લાગ્યું કે આ મારો પડછાયો છે. મને થયું કે બસ મને આ જ તો જોઈતું હતું અને મને આજે એ મળી ગયું મારું માતૃત્વ છલકાવા લાગ્યું હતું. પણ આટલી નાની બેબીને હોઠ પર કટનો પ્રોબ્લેમ જોઈ હું વ્યથિત થઈ હતી પણ મારા હસબન્ડ, મારાં સાસુમા બધાંએ હેપ્પીલી એક્સેપ્ટ કર્યું હતું. ડૉક્ટરે પણ કીધું હતું કે દીકરીની સર્જરી થતાં તે નોર્મલ થશે પણ એ સમયેતેને હું ફિડિંગ નહીં કરાવી શકી. તેના આ પ્રોબ્લેમને કારણે તે ફિડિંગ નહીં લઈ શકતી હતી. તેને ચમચીથી દૂધ આપ્યું હતું. મા માટે જરૂરી હોય છે કે તેનું બાળક ફિડિંગ લે તો જ સ્ત્રી પૂર્ણ ગણાય. એ વખતે મને હું પૂર્ણ સ્ત્રી બની હોવાનું ફિલ નહોતું થયું. મને અધૂરપ લાગતી હતી. મારી દીકરીની સર્જરી થઈ અને તે બિલકુલ નોર્મલ થઈ. તે ભણવામાં ખૂબ હોંશિયાર છે. એના જન્મ બાદ સ્ત્રી મમતાની મૂરત કઈ રીતે બને છે તેનો મને ખ્યાલ આવવા લાગ્યો. મારી બીજી દીકરી જન્મી અને તે ફિડિંગ કરતી થઈ ત્યારે હું સંપૂર્ણ સ્ત્રી બની હોવાનું ફીલ કર્યું હતું.''

## મારાં મમ્મીએ મારી દીકરીને મારા હાથમાં મૂકતાં જ હું બોલી પડી હતી હવે હું 'મા'બની ગઈ: સંગીતા સોરઠિયા



કોસાડ વિસ્તારમાં રહેતી 29 વર્ષીય સંગીતા સોરઠિયા એક ખાનગી હોસ્પિટલમાં રિસેપ્સનિસ્ટ તરીકે જોબ કરે છે. તેમણે જણાવ્યું કે, ''મારા કોરાના કાળ દરમિયાન મેરેજ થયા હતા. લગ્નના 2 મહિના બાદ મેં પરિવારમાં બધાંને ઘરમાં નવું મહેમાન આવવાનું હોવાનાન્યૂઝ આપ્યા હતા. મારાં સાસુ ત્યારથી ઘરમાં દીકરીના જન્મની અપેક્ષા રાખી રહ્યાં હતાં કેમ કે મારાં સાસુને બે દીકરા છે તેમને કોઈ દીકરી નથી તો મારા જેઠાણીને પણ દીકરી નથી એટલે ઘરમાં દીકરીના જન્મની આશ વધી ગઈ હતી. સવા બે વર્ષ પહેલાં મારી દીકરી સાનવીનો જન્મ થયો હતો. જો કે, હું ભાનમાં નહોતી પણ જરાક ભાન આવતાં મેં ડૉક્ટરને પૂછ્યું હતું કે મને દીકરી જન્મી છે ને ત્યારે ડૉક્ટરે કીધું કે જેને જે જોઈએ તે નથી મળતું એટલે મને થયું કે દીકરો જન્મ્યો છે. પછી મોડી સાંજે હું ભાનમાં આવતાં મારાં મમ્મીએ મારા હાથમાં દીકરીને મૂકતા કહ્યું દીકરી આવી છે ત્યારે હું એકદમ ખુશ થતાં બોલી ઊઠી હતી કે હું હવે 'મા' બની ગઈ. સૌથી વધારે ખુશી મારાં સાસુને થઈ હતી. મારા પપ્પાએ તો મને હોસ્પિટલમાં દાખલ કરતા જ પેંડા બનાવવાનો ઓર્ડર આપી દીધો હતો.

*આજે જમાનો બદલાયો છે. લોકો બહુ પ્રેક્ટિકલ બની ગયાં છે. લાગણી કહો કેફીલિંગ્સ તે પણ સુકાવા લાગી છે પણ દુનિયામાં એક 'મા' ની લાગણીનો છોડ આજના યંત્રવત બનેલા યુગમાં પણ લીલોછમ છે. આજના યુગમાં પણ જ્યારે એક પરિણીતા 'મા'બને ત્યારે તેના નવજાત બાળક પર તેની નજર પડે ત્યારે તે એવું ફીલ કરતી હોય છે કે તેને લાઈફની બેસ્ટ ગિફ્ટ મળી છે. સુરતની સન્નારીઓનું પણ કહેવું છે કે વેદનાઓ વેઠયા બાદ બાળકનો જન્મ થાય ત્યારે દુનિયા જીતી લીધી હોવાનો અહેસાસ તેઓ અનુભવે છે અને બાળક મોટું થયા બાદ પણ 'મા'નું મમત્વ સદૈવ હર્યુંભર્યું જ રહે છે....*